કેન્દ્ર સરકારના ધી અનઓર્ગેનાઇઝ્ડ સોસીયલ સીક્યુરીટી
એક્ટ ૨૦૦૮ની કલમ ૬ની જોગવાઇ અનુસાર રચવામાં
આવેલ ગુજરાત સ્ટેટ અનઓર્ગેનાઇઝ્ડ વર્કર્સ સોસીયલ
સીક્યુરીટી બોર્ડની સમગ્ર કામગીરી શ્રમ આયુક્તશ્રીની
કચેરીને સોપવા બાબત

ગુજરાત સરકાર

શ્રમ અને રોજગાર વિભાગ

ઠરાવ ક્રમાંક:-યુઓએલ-૧૩-૨૦૦૯-જીઓઆઇ-સીએસ-૦૫-મ-૨

સચિવાલય, ગાંધીનગર.

તા.૩૦/૦૫/૨૦૧૩

<u>વંચાણે લીધો</u> :- (૧) કેન્દ્ર સરકારનો ધી અનઓર્ગેનાઇઝ્ડ સોસીયલ સીક્યુરીટી એક્ટ-૨૦૦૮ (નંબર ૩૩ ઓફ ૨૦૦૮)

(૨) શ્રમ અને રોજગાર વિભાગના તા. ૧૯/૯/૨૦૧૧ના જાહેરનામા ક્રમાંક:- કેએચઆર-૨૦૧૧-૧૦૮-યુઓએલ-૧૩૨૦૧૧-૨૧૯-મ-૨ (ગુજરાત સ્ટેટ અનઓર્ગેનાઇઝ્ડ વર્કર્સ સોસીયલ સીક્યુરીટી રૂલ્સ-૨૦૧૧)

(૩) સ્પે.સી.એ.૧૪૫૬૫/૨૦૦૮ માં નામ. હાઇકોર્ટનો તા. ૨૪/૧૧/૨૦૧૧ નો ઓરલ ઓર્ડર

(૪) શ્રમ અને રોજગાર વિભાગના તા. ૨/૧૨/૨૦૧૧ના જાહેરનામા ક્રમાંક:- કેએચઆર-૨૦૧૧-૧૪૩-યુઓએલ-૧૩૨૦૦૯-૮૨૬૭૮-મ-૨(ગુજરાત સ્ટેટ અનઓર્ગેનાઇઝ્ડ વર્કર્સ સોસીયલ સીક્યુરીટી બોર્ડની રચના)

(૫) શ્રમ અને રોજગાર વિભાગનો તા. ૨૭/૦૩/૨૦૧૨ ઠરાવ ક્રમાંક:- યુઓએલ-૧૩૨૦૧૨-૭૯-મ-૨

<u>ઠરાવ</u>

કેન્દ્ર સરકારના સંદર્ભ-૧માં દર્શાવેલ તા. ૩૦-૧૨-૨૦૦૮ના એક્સ્ટ્રા ઓડીનરી ગેઝેટ ઓફ
ઇન્ડીયા ધી અનઓર્ગેનાઇઝ્ડ સોસીયલ સીક્યુરીટી એક્ટ-૨૦૦૮( નંબર ૩૩ ઓફ ૨૦૦૮) અમલી
બનાવેલ છે.આ એક્ટની કલમ-૧૫ માં થયેલ જોગવાઇ અનુસાર રાજ્ય સરકાર ધ્વારા ઉપર સંદર્ભ-
૨માં દર્શાવેલ તા.૧૯-૯-૨૦૧૧ના જાહેનામા થી ગુજરાત સ્ટેટ અનઓર્ગેનાઇઝ્ડ વર્કર્સ સોસીયલ
સીક્યુરીટી રૂલ્સ-૨૦૧૧ બહાર પાડવામાં આવેલ છે. તેમજ આ એક્ટની કલમ-૬માં થયેલ જોગવાઇ
મુજબ સંદર્ભ-૪માં દર્શાવેલ જાહેરનામથી ગુજરાત સ્ટેટ અનઓર્ગેનાઇઝ્ડ વર્કર્સ સોસીયલ સીક્યુરીટી
બોર્ડની રચના કરવામાં આવેલ છે.કેન્દ્ર સરકારના ઉપર સંદર્ભ-૧માં દર્શાવેલ તા. ૩૦-૧૨-૨૦૦૮ એક્સ્ટ્રા
ઓડીનરી ગેઝેટ ઓફ ઇન્ડીયા થી અમલી બનાવેલ આ એક્ટની કલમ -૩(૪)માં દર્શાવેલ યોજનાઓ
બનાવવાની અને બહાર પાડવા(નોટીફાઇ કરવાની)ની જોગવાઇ કરવામાં આવેલ છે.

રાજ્ય સરકાર ધ્વારા સંદર્ભ-૪માં દર્શાવેલ જાહેરનામાથી રચવામાં આવેલ ગુજરાત સ્ટેટ
અનઓર્ગેનાઇઝ્ડ વર્કર્સ સોસીયલ સીક્યુરીટી બોર્ડ ધ્વારા (૧) જુદા જુદા ક્ષેત્રના અસંગઠીત શ્રમિકો માટે
જરૂર તેવી યોજનાઓ ઘડવા , રાજ્ય સરકારને ભલામણ કરવી(૨)આ અકેટના અમલીકરણ માટે જે
બાબતો ઉપસ્થિત થાય તેમાં રાજ્ય સરકારને સલાહ આપવી(૩) રાજ્ય સરકારના જુદા જુદા વિભાગો

કરવામાં આવેલ કામગીરીની સમીક્ષા કરવી (૪) અસંગઠીત ક્ષેત્રના ઉપર સંદર્ભ-૨માં દર્શાવેલ તા.૧૯-૯-૨૦૧૧ના જાહેનામાથી અમલી બનાવેલ નિયમોમાં થયેલ જોગવાઇ મુજબ અસંગઠીત શ્રમિકોની અને તેમણે આપવાના થતા ઓળખકાર્ડ(સ્માટ કાર્ડ) આપવાની કાર્યવાહી શરૂ કરાવી તેની સમીક્ષા કરવી (૫) ઉપર સંદર્ભ-૧માં દર્શાવેલ એકટના શીડયુલ-૧માં દર્શાવેલ તેવી યોજનાઓ હેઠળ થયેલ કામગીરી અને ખર્ચની સમીક્ષા કરવી (૬) રાજય સરકાર ધ્વારા ભવિષ્યમાં કામગીરી સોપવામાં આવે તે કરવી તે તમામ કામગીરીઓ સોપવામાં આવેલ છે.

રાજય સરકાર ધ્વારા સંદર્ભ-૩માં દર્શાવેલ તા.૨-૧૨-૨૦૧૧ના જાહેરનામાંથી રચવામાં આવેલ ગુજરાત સ્ટેટ અનઓર્ગેનાઇઝડ વર્કર્સ સોસીયલ સીક્યુરીટી બોર્ડ પાસે હાલ કોઇ મહેકમની વ્યવસ્થા નથી અને આ બોર્ડની કામગીરી કરવા માટે જરુરી સંવર્ગો ની જગ્યાઓ ઉભી કરવા અને અન્ય હેતુ માટે નાણાકીય વર્ષ-૨૦૧૩-૧૪ના અંદાજપત્રમાં વિભાગ-૧ની નવી બાબત તરીકે જોગવાઇ સૂચવવામાં આવેલ છે.પરંતુ ગુજરાત સ્ટેટ અનઓર્ગેનાઇઝડ વર્કર્સ સોસીયલ સીક્યુરીટી બોર્ડ પાસે આજની સ્થિતીએ કોઇ મહેકમ ન હોઇ આ માટે જરુરી તેવી વહીવટી કામગીરી જેવી કે (૧) ગુજરાત સ્ટેટ અનઓર્ગેનાઇઝડ વર્કર્સ સોસીયલ સીક્યુરીટી બોર્ડની બેઠક બોલાવવા માટેનો એજન્ડા તૈયાર કરવો (૨) બોર્ડની બેઠક મળેથી કાર્યવાહી નોધ તૈયાર કરવી (૩) બોર્ડ સમક્ષ જરુરી તેવી તમામ યોજનાઓની કામગીરીનું સમીક્ષાના હેતુસર પ્રેઝન્ટેશન તૈયાર કરી રજૂ કરવું (૪) સબંધિત તેવી સમીક્ષાને પાત્ર યોજનાઓ સાથે સંકળાયેલા જુદા જુદા વિભાગો/ કચેરીઓ પાસેથી માહિતી /વિગતો મેળવવી (૫) મળેલી માહિતી ઉપરથી જરુરી તારણ તૈયાર કરવું(૬) મળેલી માહિતી ઉપરથી સમીક્ષા અહેવાલ તૈયાર કરવો (૭) બોર્ડ ધ્વારા સૂચવવામાં આવનાર અન્ય બાબતની વિચારણા કરવા માટે જરુરી વહીવટી વ્યવસ્થા ઉભી કરવાની બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી. કાળજીપૂર્વકની અને પુખ્ત વિચારણાને અંતે આ સમગ્રતઃ કામગીરી શ્રમ આયુકતશ્રીની કચેરીને નીચે દર્શાવેલ વહીવટી સત્તા અને જવાબદારીઓ સાથે સોપવાનું આથી ઠરાવવામાં આવે છે.

ગુજરાત સ્ટેટ અનઓર્ગેનાઇઝડ વર્કર્સ સોસીયલ સીક્યુરીટી બોર્ડની બેઠક બોલાવવાની કામગીરી, સંબંધિત વિભાગો/કચેરીઓ અને બોર્ડના સભ્યશ્રીઓ સાથે પત્રવ્યવહારની કામગીરી ,જરુરી માહિતી સંબંધિત વિભાગ/ કચેરીઓ પાસેથી મેળવવા ની કામગીરી,મળેલી માહિતી સંકલિત કરવાની અને તે ઉપરથી તારીજ/તારણ કાઢવાની (એનાલીસીસ કરવાની) કામગીરી, બોર્ડનો એજન્ડા તૈયાર કરી પહોંચતો કરવા ની કામગીરી,બોર્ડ બેઠક માટે પ્રેઝન્ટેશન તૈયાર કરવા ની કામગીરી, બોર્ડની બેઠકની કાર્યવાહી નોધ તૈયાર કરવા ની કામગીરી અને તમામ વહીવટી કામગીરી શ્રમ આયુકતશ્રીએ હયાત મહેકમ મારફતે અને કચેરીના ઇન્ફ્રાસ્ટ્રચરનો ઉપયોગ કરીને કરવાની રહેશે.આ કામગીરી માટે પ્રસંગ ઉભો થયેથી "ગ્રામ શ્રમ તંત્ર " અને " ગુજરાત ગ્રામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ "ના વહીવટી માળખાના કર્મચારી/અધિકારીશ્રીઓને કામગીરી સોપી શકશે.ભવિષ્યમાં ગુજરાત સ્ટેટ અનઓર્ગેનાઇઝડ વર્કર્સ સોસીયલ સીક્યુરીટી બોર્ડનું ઉભુ થનાર મહેકમ માળખું અન્ય હુકમ ન થાય ત્યાંસુધી શ્રમ આયુકતશ્રીના વહીવટી નિયત્રણ હેઠળ રહીને કામગીરી કરશે, અને ગુજરાત સ્ટેટ અનઓર્ગેનાઇઝડ વર્કર્સ સોસીયલ સીક્યુરીટી બોર્ડની નવી કચેરી કાર્યાન્વીત ન થાય ત્યાં સુધી આ મહેકમની બેઠક વ્યવસ્થા શ્રમ આયુકતશ્રીની કચેરીમાં રહેશે. ગુજરાત સ્ટેટ અનઓર્ગેનાઇઝડ વર્કર્સ સોસીયલ સીક્યુરીટી

બોર્ડની બેઠક બોલાવવામાં આવે તે પ્રસંગે નિમણૂંક પામેલા ગુજરાત સ્ટેટ અનઓર્ગેનાઇઝડ વર્કર્સ સોસીયલ સીક્યુરીટી બોર્ડના મા.સભ્યશ્રીઓ/મા.ધારાસભ્યશ્રીઓને ચૂકવવાના થતા પ્રવાસ ભથ્થા (T.A) ની ચૂકવણી " ગુજરાત ગ્રામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ " ધ્વારા કરવાની રહેશે.

આ અંગેનો કરવાનો થતો ખર્ચ ગુજરાત સ્ટેટ અનઓર્ગેનાઇઝડ વર્કર્સ સોસીયલ સીક્યુરીટી બોર્ડ માટે નાણાકીય વર્ષ-૨૦૧૩-૧૪માં સૂચવેલ જોગવાઇ ન થાય ત્યા સુધી તેમજ આ જોગવાઇ પછી તે સદર હેઠળ ખર્ચ કરવાઅંગેની વહીવટી વ્યવસ્થા ન ગોઠવાય બન્ને માંથી જે મોડું હોય ત્યાં સુધી " ગુજરાત ગ્રામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ " ની જોગવાઇ એટલે કે માંગણી નં.૫૭,મુખ્ય સદર-૨૨૩૦-શ્રમ અને રોજગાર-એલ.બી.આર.-૧૬- ગરીબી નિવારણ કાર્યક્રમ હેઠળ ગ્રામણી કામદારો માટે સામાજીક સુરક્ષા ફંડ-૫૦૦૦ અન્ય ખર્ચ હેઠળ માંથી કરવાનો રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણા વિભાગની તા.૨૫/૦૫/૨૦૧૩ના રોજ અને મા.મંત્રીશ્રી (શ્રમ) ની તા. ૦૮/૦૩ /૨૦૧૩ના રોજ મળેલ સંમિતી થી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એસ.એન.દવે)
અધિક સચિવ
શ્રમ અને રોજગાર વિભાગ
ગુજરાત સરકાર

પ્રતિ,

* મહામહિમ રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
માન.મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, ૧/૫, સરદાર પટેલ ભવન, સચિવલય, ગાંધીનગર.
તમામ માન.મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, ૧, સરદાર પટેલ ભવન, સચિવલય, ગાંધીનગર.
તમામ માન.રા.ક.મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, ૨, સરદાર પટેલ ભવન, સચિવલય, ગાંધીનગર
મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી, ૧/૩, સરદાર પટેલ ભવન, સચિવલય, ગાંધીનગર
આદિજાતી વિકાસ વિભાગ,સચિવાલય,ગાંધીનગર.
ઉધોગ અને ખાણ વિભાગ,સચિવાલય,ગાંધીનગર.
કૃષિ અને સહકાર વિભાગ,સચિવાલય,ગાંધીનગર.
શિક્ષણ વિભાગ,સચિવાલય,ગાંધીનગર.
રમત ગમત,યુવા અને સાંસકૃતિક પ્રવૃતિઓ વિભાગ,સચિવાલય,ગાંધીનગર.
પંચાયત ગ્રામ ગૃહ નિમાર્ણ અને ગ્રામ વિકાસ વિભાગ(પંચાયત પ્રભાગ), સચિવાલય,ગાંધીનગર.
પંચાયત ગ્રામ ગૃહ નિમાર્ણ અને ગ્રામ વિકાસ વિભાગ(ગ્રામ વિકાસ પ્રભાગ), સચિવાલય,ગાંધીનગર.
મહિલા અને બાળ વિકાસ વિભાગ ,સચિવાલય,ગાંધીનગર
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય,ગાંધીનગર
શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિમાણ વિભાગ, સચિવાલય,ગાંધીનગર